શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો

ધોરણ – ૬

વિજ્ઞાન

સત્ર – ૨





વર્ગ શિક્ષકશ્રીનું નામ : ....

વર્ગ : ....

શાળાનું નામ : ....

તાલુકો : .... જિલ્લો : ....

ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.

શિક્ષણ સાગર

પ્રાસ્તાવિક

સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શકિતઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

જવાબ : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન – અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન – અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક – A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક – A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન – અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન – અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે – તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન – રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

રચનાત્મક મુલ્યાંકન પત્રક   વિષય - વિજ્ઞાન   ધોરણ - ૬   (દ્વિતીય સત્ર)

શાળાનું નામ :   **તા.**   **પત્રક :- A**   **સને: 2022-23**

ક્રમ	વિદ્યાર્થીનું નામ	9. સજીવો લક્ષણો અને નિવાસ સ્થાન			10. ગતિ અને અંતરનું માપન		11 . પ્રકાશ, પડછાયો અને પરાવર્તન		12. વિધુત તથા પરિપથ			13. ચુંબક સાથે ગમ્મત			14. પાણી		15. આપણી આસપાસની હવા		16. કચરાનો સંગ્રહ અને કચરાનો નિકાલ			શિક્ષણ સાગર સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા			૪૦ માંથી મેળવેલ ગુણ
		SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે	SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે	SC.6.06 પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે/સમજાવે છે	SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે	SE.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે.	SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે	SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે	SC.6.02 પદાર્થો અને સજીવો જેવા કે વિદ્યુત સુવાહકો અને અવાહકોને તેમના ગુણધર્મો રચના અને કાર્યોના આધારે જુદા પાડે છે.	SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે.	SC.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે	SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.	SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે	SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે	SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે	SC.6.11 પર્યાવરણને બચાવવાનો પ્રયત્ન કરે છે	SC.6.06 પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે/સમજાવે છે	SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે	SC.6.10 શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.	SC.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે	SC.6.13 પ્રામાણિકતા, વસ્તુલક્ષિતા, સહકાર, ભય અને પૂર્વગ્રહથી મુક્તિ જેવા મૂલ્યો પ્રદર્શિત કરે છે.				
		1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	√	?	×	

9. સજીવો લક્ષણો અને નિવાસ સ્થાન

1 SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

નીચે આપેલા સજીવોનું તેમનાં નિવાસસ્થાનનાં આધારે વર્ગીકરણ કરો.
(વાઘ, ચિત્તો, શિયાળ, ઊંટ, ઘુડખર, માછલી, કરચલો, પોયણું, સાગ, કમળ, શિંગોડા, સાલ, સીસમ)

જંગલ	રણ	પાણી

2 SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે

(1) માછલી રણમાં અને ઊંટ દરિયામાં જીવી શકે? કેમ?

____

____

____

(2) વનસ્પતિને ઊગવા અને યોગ્ય વિકાસ માટે કવા કયા અજૈવિક ઘટકોની જરૂર પડે છે?

____

____

____

શિક્ષણ સાગર

3 SC.6.06 પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે/સમજાવે છે

(1) ક્રિશાંતે એક વાર આકાશમાં ઊડતાં વિમાનને જોયું. વિમાન જોઈ તેને વિચાર આવ્યો વિમાન પણ તેની
જગ્યા બદલે છે તો તેને સજીવ કહેવું કે નિર્જીવ કારણ લખો.

(2) જો તમે મેદાની વિસ્તારમાંથી અચાનક જ ઊંચા પર્વતીય વિસ્તારમાં રહેવા જાઓ, તો તમને શ્વાસ લેવામાં કે
શારીરિક ક્રિયાઓમાં તકલીફ પડશે? શા માટે?

10. ગતિ અને અંતરનું માપન

4 SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

જોડકાં જોડો.

વિભાગ - A	વિભાગ - B	જવાબો
1. ફ્લેગમાર્ચ કરતા સૈનિકોના હાથની ગતિ	a. અસ્તવ્યસ્ત ગતિ	1.
	b. સુરેખ ગતિ	2.
2. ચકડોળની ગતિ	c.વર્તુળાકાર ગતિ	3.
3. ઊડતા મચ્છરની ગતિ	d.આવર્તગતિ	4.
4. સિલાઈ મશીનની સોયની ગતિ	e. આંદોલિત ગતિ	5.

5 SE.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે.

(20) નીચે આપેલ આકૃતિમાં સલમાનભાઈ અને સુરેશભાઈ બિંદુ A થી મેદાનમાં દોડવાનું એક સાથે શરૂ કરે છે.

તેઓ બંને એક સમયે બિંદૃ B પર પંહોચે છે.



તો સલમાનભાઈની તુલનામાં સુરેશભાઈ માટે આપેલી પરિસ્થિતિમાં કયું વિધાન સાચું છે?

- ☐ બાંબું અંતર ધીમી ઝડપ સાથે કાપે છે.
- ☐ લાંબું અંતર વધુ ઝડપ સાથે કાપે છે.
- ☐ ટૂંકું અંતર ધીમી ઝડપ સાથે કાપે છે,
- ☐ ટૂંકું અંતર વધુ ઝડપ સાથે કાપે છે.

11 . પ્રકાશ, પડછાયો અને પરાવર્તન

6 SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

નીચે કૌંસમાં દર્શાવેલ ઉદગમ સ્થળોનું કુદરતી ઉદગમ સ્થાન અને કૃત્રિમ ઉદગમસ્થાનમાં વર્ગીકરણ કરો. (સૂર્ય, ફાનસ, બલ્બ, અગ્નિ, મીણબત્તી, આગિયો, ટૉર્ચ)

કુદરતી ઉદગમસ્થાન	કૃત્રિમ ઉદગમસ્થાન

7 SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે.

સવારનાં સમયે કપડાં સૂકવવાના તાર પર લાલ, લીલો અને વાદળી એમ ત્રણ જુદા જુદા રંગના સમાન કદના ટુવાલ સૂકવેલા છે. તમને તેમના પડછાયાનો રંગ કેવો દેખાશે? શા માટે?

____

____

____

____

____

____

12. વિદ્યુત તથા પરિપથ

8 SC.6.02 પદાર્થો અને સજીવો જેવા કે વિદ્યુત સુવાહકકો અને અવાહકોને તેમના ગુણધર્મો રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પની સામે ✓ ની નિશાની કરો. (પ્રશ્ન–1 થી 5)

(1) આપેલા પદાર્થો પૈકી કયો પદાર્થ વિદ્યુત સુવાહક નથી?

☐ સ્ટીલની ચમચી. ☐ તાંબાની ખીલી

☐ કાચનો ટૂકડો ☐ ધાતુનો ગોળો

(2) આપેલા પદાર્થો પૈકી કયો પદાર્થ વિદ્યુત અવાહક છે?

☐ સોય ☐ દોરો ☐ ચાવી ☐ બ્લેડ

(3) કઈ માછલી પોતાના શરીરમાં વીજળી ઉત્પન્ન કરી શકે છે?

☐ કેટ ફિશ ☐ પફર ફિશ ☐ રે-ફિશ ☐ શાર્ક

(4) વિદ્યુતકોષ દ્વારા ઉત્પનન થતો વીજપ્રવાહ કેવા પ્રકારનો હોય છે?

☐ A.C. પ્રવાહ ☐ D.C. પ્રવાહ

☐ આપેલ બંને ☐ બંનેમાંથી એક પણ નહિ.

(5) નીચેના પૈકી ક્યાં પદાર્થો વિદ્યુતનાં સુવાહકો છે?

☐ બટાટા ☐ લીંબુ ☐ મંદ સલ્ફ્યુરિક ઍસિડ ☐ આપેલ ત્રણેય

9 SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે.

ક્રિશાંત વિદ્યુત પરિપથ બનાવે છે જે આકૃતિ 1,2 અને 3 માં છે. ત્રણ વખત વિદ્યુત પરિપથ જોડવા છતાં વિદ્યુત બલ્બ પ્રકાશિત થતો જ નથી. વીજ પરિપથની આકૃતિનો અભ્યાસ કરી વિદ્યુત બલ્બ પ્રકાશિત ન થવાનું કારણ જણાવો.

(1) આકૃતિ-૧



વિદ્યુત બલ્બ પ્રકાશિત થતો નથી કારણ કે ....

10 SC.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે.

વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો.

(1) ઊંચી ઇમારતો પર ત્રિશૂલ આકારનું વિદ્યુતરક્ષક રાખવામાં આવે છે. કારણ કે..____

____

(૨) વાયરિંગ કામ કરતી વખતે ઇલેક્ટ્રિશિયન હંમેશા રબરનાં સ્લીપર પહેરેલાં રાખે છે. કારણ કે...____

____

(૩) તમારા ઘરમાં બલ્બ બદલવા માટે તમારે લોખંડના બદલે લાકડાનું જ ટેબલ વાપરવું જોઈએ.કારણ કે...

____

____

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

13. ચુંબક સાથે ગમ્મત

11 SC.6.03 અવલોકી શકાય તેવા ગુણધર્મને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

ખાલી જગ્યા પૂરો. (પ્રશ્ન–1 થી 5)

(1) ચુંબકનાં .... ધ્રુવો એકબીજાને અપાકર્ષે છે.

(2) ચુંબકની બનાવટના આધારે ચુંબકના પ્રકાર .... અને .... છે.

(3) ગજિયા ચુંબકની ઉપર દોરી બાંધી મુક્ત રીતે લટકાવતા ગજિયો ચુંબક હંમેશા .... દિશામાં સ્થિર થાય છે.

(4) ગજિયા ચુંબકની ઉપર કાગળ મૂકી કાગળ પર લોખંડની બારીક રજકણ નાંખતા ચુંબકના .... વિસ્તારમાં લોખંડની રજકણ વધુ આકર્ષાય છે.

(5) દિશા જાણવા માટે .... યંત્ર વપરાય છે.

12 SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્નોના જવાબ લખો.

(1) ચુંબકનો આકાર કોઈ પણ હોય પરંતુ તેને કેટલા ધ્રુવ હોય છે? કયા કયા? ....

....

(2) હોકાયંત્રમાં કયા ચુંબકનો ઉપયોગ કરવામાં આવે છે?

....

....

(3) ખાંડ અને ટાંકણીઓ ભેગી થઈ ગઈ છે. આ બંનેને કેવી રીતે અલગ કરશો?

....

....

(4) આપણી આસપાસ જેટલાં સાધનો દેખાય છે તેમાં ચુંબક વપરાયું હોય તેવા સાધનોની યાદી બનાવો.

....

....

(5) ઉપરોક્ત પ્રશ્ન-11 ની તમારી યાદીમાં જે સાધનમાં ચુંબક જોઈ શકાય છે તે ચુંબક કેવા આકાર અને પ્રકારના છે તેની નોંધ કરો.

....

....

13 SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે.

(1) તમારા ઘરમાં ક્યાં ક્યાં ચુંબક વપરાય છે?

....

....

(2) તુટેલા ચુંબકનો કયો ધ્રુવ લોખંડને આકર્ષે?

....

....

(3) ચુંબકની મદદથી કયા કયા મેજિકલ ટોય (રમકડાં) બનાવી શકાય?

....

....

(4) બે એકસમાન પટ્ટીમાંથી ચુંબક અને લોખંડની પટ્ટીને કેવી રીતે અલગ તારવશો?

....

....

....

....

14. પાણી

14 SC.6.04 પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્નોના જવાબ લખો.

(1) અતિવૃષ્ટિ એટલે શું? તેની શી અસરો જોવા મળે છે?

....

....

(2) અનાવૃષ્ટિ એટલે શું? તેની શી અસરો જોવા મળે છે?

....

....

(3) પૃથ્વીનો કેટલામો ભાગ પાણીથી ઘેરાયેલો છે?

....

....

15 SC.6.11 પર્યાવરણને બચાવવાનો પ્રયત્ન કરે છે.

(1) તમારા ઘરે વરસાદના પાણીનો સંગ્રહ કરવા માટે તમે શું શું કરશો?

....

....

....

....

(2) તમે પાણીનો પુન:ઉપયોગ કેવી રીતે કરશો?

....

....

....

....

15. આપણી આસપાસની હવા

16 SC.6.06 પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે/સમજાવે છે.

વૈજ્ઞાનિક કારણો આપો.

(1) મોટાં શહેરોમાં ફેક્ટરીઓમાં ઊંચી ચીમનીઓ મૂકવામાં આવે છે. શા માટે?

....

....

....

....

(2) તમે જ્યારે પાવાગઢના પગથિયાં ચઢો છો ત્યારે થોડાં પગથિયાં ચઢયા પછી શ્વાસોચ્છવાસની ક્રિયા ખૂબ ઝડપથી થાય છે. શા માટે?

....

....

....

....

17 SC.6.09 પોતાની આસપાસમાં મળી આવતી વસ્તુ નો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિ વર્ણવે છે.

(1) હવામાં ઑક્સિજન છે તે કેવી રીતે નક્કી કરી શકાય?

....

....

....

....

....

....

....

....

....

....

....

....

16. કચરાનો સંગ્રહ અને કચરાનો નિકાલ

18 SC.6.10 શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(1) .... નું જમીનમાં વિઘટન થતું નથી. (કાગળ, પ્લાસ્ટિક, કાપડ)

(2) પુન:ઉપયોગ કરવામાં આવતી વસ્તુઓ .... રંગની કચરાપેટીમાં એકત્રિત કરવામાં આવે છે. (લાલ, લીલો, ભૂરો)

(3) જમીનમાં .... નું વિઘટન સૌથી ઝડપથી થાય છે. (કાચ, ધાતુ, કાગળ)

(4) લાલ રંગના અળસિયાંની મદદથી .... ખાતર બને છે. (વર્મિકમ્પોઝ, રાસાયણિક, કુદરતી)

(5) પ્લાસ્ટિકને સળગાવવાથી જે હાનિકારક વાયુ ઉત્પન્ન થાય છે તેના દ્વારા મનુષ્યમાં .... જેવા ભયંકર રોગ ઉત્પન્ન થાય છે. (ચામડીના, કેન્સર, ફેફસાના)

19 SC.6.12 રચના, આયોજન અને પ્રાપ્ય સંસાધનોના ઉપયોગમાં સર્જનાત્મકતા પ્રદર્શિત કરે છે.

(1) સફાઈ કર્મચારીઓ કચરાને એકત્રિત કરીને નીચાણવાળા ખુલ્લા વિસ્તારોમાં ઊંડા ખાડામાં લઈ જાય તેવા ખુલ્લા વિસ્તારોને શું કહે છે?

....

....

(2) કચરાને કેટલાં સમૂહમાં વહેંચી શકાય છે? કયા કયા?

....

....

(3) જૈવિક ખાતર કેવી રીતે બનાવવામાં આવે છે?

....

....

(4) કયા પ્રકારના કચરાનું પૂર્ણ વિઘટન થાય છે?

....

....

શિક્ષણ સાગર

(5) વર્મિકમ્પોસ્ટિંગ ક્રિયા કોને કહે છે? સમજાવો.

....

....

20 SC.6.13 પ્રામાણિકતા, વસ્તુલક્ષિતા સહકાર, ભય અને પૂર્વગ્રહથી મુક્તિ જેવા મૂલ્યો પ્રદર્શિત કરે છે.

(1) તમે ઓછા ખર્ચે અને ઉત્તમ ખાતર કેવી રીતે બનાવશો?

....

....

....

....

....

....

....

....

(2) પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા તમે કયાં પગલાં સૂચવશો? તેનાથી પર્યાવરણને શો ફાયદો થશે?

....

....

....

....

....

....

....

....

....

....

....

....

शिक्षण सागर

આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.

धोरण – ३ CLICK HERE

धोरण – ४ CLICK HERE

धोरण – ५ CLICK HERE

धोरण – ६ CLICK HERE

धोरण – ७ CLICK HERE

धोरण – ८ CLICK HERE



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

SHIKSHAN SAGAR

(શિક્ષણ સાગર)

એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION